ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2741/12/2024** **તા.22-12-2024**

## સત્તાધારી પક્ષ સંસદ સત્ર ન ચાલવા દેવાના કોંગ્રેસ ગુજરાતના પ્રમુખના નિવેદનને ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ વખોડયું.

----

## સતાધારી પક્ષ સંસદ ચાલવા નથી દેતી તેવુ નિવેદન કરી કોંગ્રેસ લોકોને ગેરમાર્ગે દોરે છે. – શ્રી સી.આર.પાટીલ

----

## કોંગ્રેસે અધ્યક્ષના ડાયસ પર ચઢીને અધ્યક્ષની ગરીમા ન જાળવી અને સત્ર ન ચાલે તેના માટે નુસખાઓ કર્યા તેના લાઇવ વિડિયો સૌએ જોયા છે અને ભાજપના આગેવાનોને દોષ આપી બદનામ કરવાનો પ્રયત્ન ન કરવો જોઇએ. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે પ્રેસ કરી શિયાળુ સત્રના સંસદ સેશનને સત્તા પક્ષ દ્વારા ન ચલાવવા માટેનુ નિવેદન કર્યુ હતું જે સંદર્ભે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિશ્રી સી.આર.પાટીલજીએ તેમના નિવેદનને વખોડયું.

શ્રી સી.આર.પાટીલજીએ જણાવ્યું કે, સંસદ સત્રમા કોંગ્રેસના નેતાઓએ પ્રશ્નોતરી ચાલવા નથી દીધી તેના ઘણા વિડિયો આપણે જોયા છે. પરંતુ ગુજરાત

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

કોગ્રેસના પ્રમુખે આજે પ્રેસ કરી ગુજરાત અને દેશના લોકોને ગેર માર્ગે દોરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. સત્તાધારી પક્ષ સંસદ સત્ર ચાલવા નથી દેતા તેવો તેમને આક્ષેપ કર્યો છે. લોકસભા અને રાજયસભામા લાઇવ રેકોર્ડીગ થતુ હોય છે. દેશની જનતાએ સંસદ સત્રને લાઇવ જોયુ છે કે કોંગ્રેસે અધ્યક્ષના ડાયસ પર ચઢી અધ્યક્ષની ગરીમા ન જાળવી અને સત્ર ન ચાલે તેના માટે નુસખાઓ કર્યા. હરિયાણા અને મહારાષ્ટ્રમા કોંગ્રેસને કરામી હાર મળી છે જેના કારણે કોંગ્રેસના નેતાઓ તેમના કાર્યકર્તાઓને પણ જવાબ આપી શકતા નથી. કોંગ્રેસના નેતૃત્વ સામે જ પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. કોંગ્રેસના અસ્તિત્વનો સવાલ આવી રહ્યો છે અને તેમના જ કાર્યકર્તાઓનુ ધ્યાન આ બંને ચૂંટણીમા મળેલ હાર તરફ ન જાય તે માટે આવા નિવદેન કરી લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. કોંગ્રેસને વિનંતી કરુ છું કે લોક ઉપયોગી કામ કરવું જોઇએ. સંસદમા દરેકને બોલવાની પરવાનગી હોય છે અને સંસદમા સભ્યશ્રીઓ તેમના મતવિસ્તારના અનેક પ્રશ્નો અને સમસ્યાને રજૂ કરતા હોય છે પરંતુ કોંગ્રેસે આખા સેશનમા એખ પણ દિવસ સત્ર ચાલવા નથી દીધુ. કોંગ્રેસ લોકોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરી આત્મમંથન કરે. લોકોની નજરમા તેમના માટે કયા પ્રકારનો ભાવ છે તે હરિયાણા અને મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામમા જનતાએ આપ્યો છે. ભાજપના આગેવાનોને દોષ આપી બદનામ કરવાનો પ્રયત્ન ન કરવો જોઇએ તેવી મારી લાગણી છે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)